તા. ૨૭.૦૩.૨૦૨૪

ગાંધીનગર ભાસ્કર, પાના નં. ૦૨

# શહેરમાં મેટ્રો રેલના રૂટ પર લેન્ડ સ્કેપિંગ- બ્યુટીફિકેશન કરાશે

## ચ-0થી રક્ષાશક્તિ સર્કલ રોડ અને ધોળાકૂવાથી પંચમેશ્વર સુધી આયોજન

ભાસ્કરન્યૂઝ | ગાંધીનગર

ગાંધીનગરમાં આગામી મે- જૂન માસમાં મોટેરા સ્ટેડિયમથી ચ-1 અને ગિફ્ટ સિટીના રૂટ પર મેટ્રો ટ્રેન દોડતી કરવાનું આયોજન છે ત્યારે મેટ્રોના રૂટ પર લેન્ડસ્કેપીંગ અને બ્યુટીફિકેશનનું આયોજન મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવ્યું છે. જેને કારણે મેટ્રોમાં બેઠેલા મુસાફરો ગાંધીનગરમાં પ્રવેશે ત્યારે હરિયાળીની સાથે રસ્તા પર નયનરમ્ય નજારો માણી શકશે.

સ્થાયી સમિતિના ચેરમેન જશવંત પટેલે કહ્યું કે ગાંધીનગરમાં મેટ્રો રેલના રૂટ અને સ્ટેશનો ટૂંક સમયમાં કાર્યરત થઇ જશે. મેટ્રો સ્ટેશનના 250 મીટરના એરીયામાં મેટ્રો કંપની દ્વારા જ લેન્ડ સ્કેપીંગ કરવામાં આવનાર છે. પરંતુ મેટ્રોના રૂટ પર પણ આ પ્રકારે લેન્ડ સ્કેપીંગ- બ્યુટીફિકેશન કરવા માટેનું આયોજન મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવ્યું છે.

આ માટે પ્રથમ તબક્કે ચ-0 સર્કલથી રક્ષાશક્તિ સર્કલ રોડ અને ધોળાકુવા જંક્શનથી પંચમેશ્વર સર્કલ રોડ પર ડેવલપમેન્ટનું આયોજન વિચારવામાં આવ્યું છે. હાલ મેટ્રોના આ રૂટ પર લેન્ડ સ્કેપીંગ કરવામાં આવશે. આ માટે કામગીરીના નકશા અંદાજો માટે કન્સલ્ટન્સીની કામગીરી એવીએન આર્કિટેક્ચર એન્ડ અર્બનિઝમ એજન્સીને સોંપવાની દરખાસ્તને સ્થાયી સમિતિ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. આ એજન્સીને પ્રોજેક્ટ કોસ્ટના 1.5 ટકા લેખે વળતર ચૂકવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે વાયબ્રન્ટ દરમિયાન અમદાવાદથી ગાંધીનગર તરફ આવતા કોબાથી ચ-0 સુધીના રોડની એક સાઈડનું બ્યુટીફિકેશન- પ્લાન્ટેશન 12 કરોડના ખર્ચે કરવામાં આવ્યું છે. તે પછી ચ-0થી કોબા તરફની સાઈડમાં પણ બ્યુટીફિકેશનના ટેન્ડરને મંજૂરી આપવી દેવામાં આવી છે. હવે મેટ્રો રેલના સમગ્ર રૂટને પણ તબક્કાવાર બ્યુટીફાય કરવામાં આવી રહ્યો છે. હાલ પ્રથમ તબક્કાનું આયોજન કરી દેવામાં આવ્યું છે.